# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભાવનગરમાં 74મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું.
2) કેન્દ્રીય રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે, સાયકલ ચલાવવી એ પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ છે.
3) પોરબંદરનાં વિમાનમથકે તટ રક્ષક હેલિકોપ્ટર તૂટી પડતાં ત્રણ જવાન શહીદ.
4) અમદાવાદમાં પાન-મસાલાના ધંધા સાથે સંકળાયેલા જૂથ પર જીએસટીનાં દરોડા-પાંચ કરોડ રૂપિયાની કરચોરી પકડાઈ.
5) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન વિના લિથોટ્રીપ્સીથી પથરીની પીડારહિત સારવાર ઉપલબ્ધ.
6) હવામાન વિભાગની આજથી ઠંડીનો વધુ એક તબક્કો શરૂ થવાની આગાહી.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM Bhavnagar Basket Ball

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગરમાં 74મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ સ્પર્ધાનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, 2035નાં ઓલિમ્પિકની દાવેદારી માટે રાજ્ય સરકારે અત્યારથી તૈયારી શરૂ કરી છે. તેમણે સ્પર્ધામાં ભાગ લઈ રહેલા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

**(બાઈટ – મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

આ સ્પર્ધા 12 જાન્યુઆરી સુધી યોજાશે. પ્રથમ મેચ પંજાબ અને મધ્યપ્રદેશ વચ્ચે રમાશે. અગાઉ, મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ ભાવનગર વિઝન 2030 વેપાર અને ઉદ્યોગ પ્રદર્શન નિહાળ્યું હતું.

. . . . . . . . . . . . .

# CM ANJANA DHAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દરેક સમાજને સાથે રાખીને તેમને સમાન અવસરો પૂરા પાડીને રાજ્યની સર્વાંગી વિકાસયાત્રાને આગળ વધારવા પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું કે, વર્ષ 2047માં વિકસિત ભારતનાં નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરવાનું છે.

કલોલ નજીક, જમિયતપુરા ગામ પાસે 300 કરોડ રૂપિયાનાં ખર્ચે આકાર લેનારા આંજણાધામના શિલાન્યાસ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે પશુપાલકો અને ખેડૂતોની મહેનત અને પરસેવાથી સિંચાયેલી એશિયાની સૌથી મોટી ડેરી – બનાસ ડેરી આંજણા ચૌધરી સમાજના પરિશ્રમનું પરિણામ છે.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, જ્યાં મહિલાઓનું પણ પુરુષો જેટલું જ યોગદાન હોય એ જ દેશ અને સમાજ ઉન્નતિ કરે છે. તેમણે જણાવ્યું કે, આંજણા સમાજ બહેન-દીકરીઓના શિક્ષણ અને વિકાસ માટે વિશેષ ધ્યાન આપે. આ પ્રસંગે સંકુલનાં નિર્માણ માટે દાન આપનારા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MANDAVIYA - SUNDAYS ON CYCLE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું છે કે, સાયકલ ચલાવવી એ પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ છે. શરીરને તંદુરસ્ત રાખવા માટે દરેકે સાઇકલ ચલાવવી જોઇએ.

શ્રી માંડવિયાએ આજે સવારે તેમનાં મતવિસ્તાર પોરબંદરનાં ઉપલેટામાં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ "સન્ડે ઓન સાયકલ" પહેલમાં ભાગ લીધો હતો. તેમણે સ્થાનિક યુવાનો સાથે સાયકલ સવારી કરી હતી.

ઉપલેટાની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજથી શરૂ થયેલી આ સાયકલ યાત્રાનું સમાપન તાલુકા શાળા મેદાન ખાતે થયું હતું.

ગયા મહિને શરૂ થયેલા આ અભિયાન અંતર્ગત અત્યાર સુધી દેશનાં 2 હજાર 500 સ્થળોએ કાર્યક્રમ યોજાયા છે.

આ પ્રસંગે ડોક્ટર માંડવિયાએ તેમનો પ્રતિભાવ આ મુજબ આપ્યો..

**(Byte -Mansukh Mandavia Upleta)**

. . . . . . . . . . . . .

# PORBANDAR HELICOPTER CRASH

આજે પોરબંદરનાં તટરક્ષક વિમાનમથકે હેલિકોપ્ટર તૂટી પડતાં ત્રણ જવાન શહીદ થયા છે.

ભારતીય તટરક્ષકનાં ગાંધીનગર સ્થિત પ્રાદેશિક વડામથકે એક યાદીમાં જણાવ્યું છે કે, આજે બપોરે પોરબંદર વિમાનમથકનાં એર એન્કલેવ પર એક હેલિકોપ્ટરને નડેલા અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર બે પાયલટ અને ચાલકદળનાં એક જવાન શહીદ થયા છે. નિયમિત તાલીમનાં ભાગ રૂપે ઉડાન દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી.

ઘટના બાદ તરત જ પાયલટને પોરબંદરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની તપાસ ચાલી રહી છે. કમાન્ડર સૌરભ, ડેપ્યુટી કમાન્ડન્ટ એસકે યાદવ અને મનોજ પ્રધાનની અંત્યેષ્ટિ તટરક્ષકની પરંપરા સાથે કરવામાં આવી હતી.

અમારા પોરબંદર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે બે મહિનાં અગાઉ પણ પોરબંદરનાં દરિયામાં તટરક્ષકનું હેલિકોપ્ટર તૂટી પડ્યું હતું.

. . . . . . . . . . . . .

# State GST Ahmedabad

અમદાવાદમાં પાન મસાલાના ધંધા સાથે સંકળાયેલા જૂથ પર રાજ્ય જીએસટીના દરોડામાં અંદાજે 5 કરોડની કરચોરી બહાર આવી છે.

અમદાવાદ જિલ્લાના ચાંગોદર વિસ્તારમાં આવેલ પાન મસાલા ઈલાયચીનું ઉત્પાદન કરતાં બે જૂથ  તેમ જ સરખેજ-અસલાલીમાં દસ સ્થળોએ જીએસટી વિભાગના દરોડા પડ્યા છે.પ્રાથમિક તપાસમાં અંદાજે પાંચ કરોડની કરચોરી બહાર આવી હોવાનું જાણવા મળ્યું છે. દરોડાની કામગીરી હજુ ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

.....................................

# Civil Hospital- Lithotripsy

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પણ કોઈ વાઢકાપ વિના લિથોટ્રીપ્સી ટ્રીટમેન્ટ દ્વારા ૪૭ દિવસમાં ઓપરેશન વિના જ ૧૦૦ જેટલા દર્દીઓની પથરી કાઢવામાં આવી છે. આ સારવાર સંપૂર્ણપણે પીડારહિત છે.

સિવિલ હોસ્પિટલ યુરોલોજી વિભાગના વડા ડૉ.. શ્રેણીક શાહે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ પદ્ધતિથી સારવારમાં કોઈ કાપાની જરૂર નથી. દર્દીની તકલીફમાં ઝડપી સુધારો થાય છે અને દર્દીઓ ૧ થી ૨ કલાકમાં પોતાની રોજિંદા સામાન્ય ક્રિયાઓ પર પાછા ફરી શકે છે. સારવાર કરાયેલા 100 દર્દીઓ પૈકી ૨૪ દર્દીઓમાં ૧૦ mm (મિલીમીટર) સાઇઝની, બાવન દર્દીઓમાં પથરીની સાઇઝ ૧૦ થી ૧૫ mm તેમજ ૧૬ દર્દીઓમાં પથરીની સાઇઝ ૧૫ mm કરતાં પણ વધારે હતી. કુલ ૧૦૦ દર્દીઓમાંથી ૩૯ દર્દીઓમાં પથરી કીડનીમાં હતી.

લિથોટ્રીપ્સીની સારવારનો અંદાજિત ખર્ચ રૂપિયા ૧૦ થી ૧૫ હજાર થાય છે. જે સિવિલ હોસ્પિટલમાં ખુબ જ નજીવા દરે અને આયુષ્માનકાર્ડ હેઠળ સંપૂર્ણપણે નિ:શુલ્ક કરવામાં આવે છે. આ સારવાર માટે અમદાવાદ સિવિલ મેડિસિટીની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં આવેલા યુરોલોજી વિભાગમા સંપર્ક કરવાનો રહેશે.

. . . . . . . . . . . . .

# Aarohan - Avrohan

જૂનાગઢમાં આજે રાજ્યકક્ષાની 39 મી આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં એક હજાર 193 જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા ચાર વિભાગમાં યોજાતી હોય છે. જેમાં જુનિયર ભાઈઓ, અને જુનિયર બહેનો તેમજ સિનિયર ભાઈઓ અને સિનિયર બહેનોની હોય છે. ભાઈઓ માટે પાંચ હજાર પગથિયાં એટલે અંબાજી મંદિર સુધી અને બહેનો માટે  બે હજાર બસો પગથિયા એટલે માડી પરબ સુધીની આ સ્પર્ધા યોજાય છે.

આ સ્પર્ધામાં સીનીયર બહેનોમાં જાડા રીંકલે ૩૮ મીનીટના સમય સાથે સીનીયર બહેનોમાં  તેમજ સીનીયર ભાઈઓમાં વાઘેલા શૈલેષે ૫૯.૧૪ મીનીટના સમય સાથે  ગિરનાર સર કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

આ અંગે પ્રસ્તુત છે. જૂનાગઢ જિલ્લાનાં અમારા પ્રતિનિધીનો અહેવાલ.....

(વોઈસ કાસ્ટ – સંજીવ મહેતા )

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગે આજથી ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થવાની આગાહી કરી છે. છેલ્લાં 24 કલાક દરમિયાન નલિયાનું તાપમાન ઘટીને 7.8 ડિગ્રી સેલ્સિયસ થયું છે, પરંતુ રાજ્યના અન્ય જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન વધુ નોંધાઈ રહ્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ વિવિધ જિલ્લાઓમાં તાપમાનમાં એક થી બે ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. છેલ્લા 24 કલાકમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં એક થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો. એક તરફ ઠંડીને રાઉન્ડની આગાહી છે, તો બીજી તરફ તાપમાનમાં વધારો થતા ઠંડીમાંથી રાહત મળી છે.

. . . . . . . . . . . . .

# PATAN – Price Distribution

પાટણ ખાતે બેતાલીસ લેઉવા પાટીદાર સમાજ સેવા મંડળનો ઈનામ વિતરણ સમારોહ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં અને પદ્મશ્રી ડૉ. કરશન પટેલની અધ્યક્ષતામાં યોજાયો. જેમાં બેતાલીસ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, વિધાર્થીઓનું સન્માનએ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ અને સમાજ માટે પ્રેરણાનું કામ કરે છે. આવા કાર્યક્રમો સમાજમાં હકારાત્મક અસર ઉભી કરે છે. આ પ્રસંગે નિરમા લિમિટેડના ચેરમેન પદ્મશ્રી કે.કે. પટેલે વિદ્યાર્થીઓને ફેશન અને વ્યસન છોડવા હિમાયત કરી હતી.

. . . . . . . . . . . . .

# NARMADA SCHOOL PM SHREE

પીએમ શ્રી યોજના હેઠળ દેશભરની 14 હજાર 500 શાળા સુધારણાની મંજૂરી આપવામાં આવી છે, જેમાં નર્મદા જિલ્લાની આઠ શાળાનો સમાવેશ થાય છે.

પીએમ શ્રી યોજના હેઠળ આકાંક્ષી નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત અધ્યતન શિક્ષણ મળશે.

આ યોજના હેઠળ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓનાં અભ્યાસ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવશે. આ શાળાઓમાં નર્મદા જિલ્લાનાં દેડિયાપાડા, ગરૂડેશ્વર, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં આવેલી છે.

. . . . . . . . . . . . .

# Kutch - Accident

કચ્છનાં અંજાર તાલુકાનાં ભીમાસર રેલ્વે સ્ટેશન, પર ટ્રેનની અડફેટે આવતાં ત્રણ વ્યકિતનાં મોત થયાં હતાં.

ભુજથી મુંબઈ તરફ જતી કચ્છ એક્સપ્રેસ ટ્રેન ભચાઉ તરફ આગળ વધી રહી હતી. આ સમયે રેલ્વે ટ્રેક ઓળંગી રહેલ એક જ પરિવારનાં ત્રણ સભ્યોનાં ટ્રેનની અડફેટે આવતાં મોત નીપજ્યાં હતાં. બનાવમાં માતા અને બે પુત્રોનાં ઘટનાસ્થળે મૃત્યુ થયાં હતાં. ગાંધીધામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .